# ઉત્તરાખંડમાં બચાવ કામગીરી હજુ ૧૫ દિવસ

દહેરાદૂન,તા. ૨૩

ઉત્તરાખંડમાં હિમાલિયન સુનામી બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ખરાબ હવામાન અને રોગચાળાની દહેશતના લીધે ઘણી



અડચણો આવી રહી છે. થોડાક સમય માટે બચાવ કામગીરીને વરસાદના કારણે રોકવામાં આવ્યા બાદ ફરી શરૂ કરવામાં આવી હતી. ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણાએ આજે કબુલાત કરી હતી કે, બચાવ અને રાહત કામગીરી હજુ ૧૫ દિવસ ચાલશે. જો કે, મોતના આંકડા અંગે કોઈપણ વ્યક્તિ હજુ કહેવાની સ્થિતિમાં નથી. મૃતદેહો હજુ પણ હાથ લાગી રહ્યા છે. સત્તાવાર રીતે મોતનો આંકડો ૭૦૦ ઉપર પહોંચી ચૂકયો છે પરંતુ બિનસત્તાવાર રીતે મોતનો આંકડો હજારોમાં હોઈ શકે છે. કારણ કે ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણા પણ કહી ચૂક્યા છે કે કુદરતી હોનારતમાં મોતનો આંકડો ૧૦૦૦થી ઉપર હોઈ શકે છે. બચાવ કામગીરી ઉપર નજર રાખવામાં આવી રહી છે. બીજીબાજુ મૃતદેહો મળવાની સ્થિતિ વચ્ચે ખતરનાક રોગચાળાનું સંકટ તોળાઈ રહ્યો છે જેથી હજુ અટવાયેલા લોકોના અસ્તિત્વ સામે પણ ખતરો ઊભો થયેલો છે. રોગચાળાની ખતરનાક સ્થિતિ ઊભી ન થાય તે માટે પણ તંત્ર દ્વારા પગલાં લેવામાં આવી રહ્યા છે. ગઈકાલે જ કેદારનાથ મંદિર સંકુલમાં ૧૨૩ના મૃતદેહ મળી આવ્યા હતા.પૂરના પાણીમાંથી લોકોને બચાવવામાં આવી રહ્યા છે. ૨૨૦૦૦થી વધુ શ્રદ્ધાળુ એવા છે જે હજુ પણ અટવાયેલા છે અને તેમને મદદની જરૂર છે. બચાવ કામગીરીમાં સેના, અર્ધલશ્કરીદળો અને એરફોર્સના જવાનો લાગેલ છે. એવી દહેશત પણ છે કે કેદારનાથમાં હજુ પણ ૫૦૦થી વધુ મૃતદેહો હોઈ શકે છે. નવેસરથી વરસાદ અને રોગચાળાનો ખતરો તોળાઈ રહ્યો છે જેના કારણે કેદારનાથ ખીણમાં ૩૦ કિલોમીટરના વિસ્તારમાં પડેલા મૃતદેહો સુધી ટીમ પહોંચી શકી નથી. આવતીકાલે અને મંગળવારના દિવસે વરસાદની આગાહી કરવામાં આવી ચૂકી છે. ખૂબ ઓછા વરસાદના કારણે પણ તકલીફ ઊભી થઈ રહી છે. કેદારનાથ અને ઉત્તરાખંડના અન્ય તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચલી રહી હોવા છતાં હાલત કફોડી બનેલી છે. ચાર ધામના રૂટ ઉપર હિમાલિયન સુનામીથી ૪૦૦ કિલોમીટરના રોડ નેટવર્કને નુકસાન થયું છે. ઉત્તરાખંડમાં કુલ ૪૦૦૦૦ સ્કેવર કિલોમીટર વિસ્તારને નુકસાન થયું છે. બચાવવામાં આવેલા લોકોની સંખ્યા ખૂબ મોટી રહેલી છે. કેદારનાથમાં સૌથી વધુ નુકસાન થયું હોવાનું ચિત્ર ઉપસી ચૂક્યું છે. બચાવ કામગીરીના ભાગરૂપે કેટલાક માર્ગોને ખોલી દેવાતાં અવરજવર સરળ થઈરહી છે. રૂદ્ર પ્રયાગ-કેદારનાથ રૂટ ઉપર ૩૫ કિલોમીટર લાંબા ગુપ્તકાશી તિલવાડા ટ્રેકને ખોલી દેવામાં સફળતા મળી છે. ચમોલી જિલ્લામાં ઋષીકેશના રૂટ પણ ખોલી દેવાયા છે. ટ્રાફીક માટે બડકોટ અને દહેરાદૂન રૂટને પણ ખોલી દેવામાં આવ્યો છે. ૫૦થી વધુ હેલિકોપ્ટરો બચાવ અને રાહત કામગીરીમાં હજુ પણ વ્યસ્ત દેખાઈ રહ્યા છે.

## બદ્રીનાથ-જોષી મઠ રૂટ ફરી શરૂ થયો

## યમનોત્રીથી બધાને બચાવાયા

દહેરાદૂન,તા. ૨૩

ઉત્તરાખંડમાં હિમાલિયન સુનામીમાં મોતનો આંકડો સત્તાવાર રીતે ૭૦૦ આંકવામાં આવી ચૂકયો છે. હિમાચલના મુખ્યમંત્રી વિજય બહુગુણા પોતે કબૂલી ચૂક્યા છે કે મોતનો આંકડો ૧૦૦૦થી પણ ઉપર પહોંચી શકે છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બચાવ કામગીરીમાં બોર્ડર રોડફોર્સના ૪૦૦૦ અને સૈનાના ૮૫૦૦ જવાન તૈનાત કરવામાં આવ્યા છે. એકલા ગઈકાલે જ ૧૦૦૦૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. ચારધામના ૪૦૦ કિલોમીટરના નેટવર્કને નુકસાન થયું હોવાનું બહાર આવી ચૂક્યું છે. જળપ્રલયની સાથે સાથેનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

- ● પૂરગ્રસ્ત ઉત્તરાખંડના જંગલ છત્રી અને યમનોત્રીમાંથી તમામ શ્રદ્ધાળુઓને બચાવી લેવાયા
- ● તમામને બચાવાયા હોવા છતાં હજુ પણ બચી ગયેલા લોકોની શોધખોળ
- ● બદ્રીનાથ-જોષી મઠ રૂટ ઉપર ટ્રાફીક પુનઃ શરૂ કરાયો
- ● કેદારનાથ નજીક ફસાયેલા તમામ લોકોને પણ ખસેડી લેવાયા છે
- ● હનુમાન છટ્ઠી ખાતે હજુ પણ લોકો ફસાયેલા છે
- ● શનિવારના દિવસે કેદારનાથ મંદિર સંકુલમાં જ ૧૨૩ મૃતદેહ મળ્યા હતા
- ● ૭૦ હજાર લોકોને હજુ સુધી બચાવી લેવાયા છે
- ● ૨૨ હજાર હજુ પણ અટવાયેલા છે
- ● ઉત્તરાખંડમાં બચાવ અને રાહત કામગીરી હજુ પણ યુદ્ધના ધોરણે જારી
- ● બોર્ડર રોડફોર્સના ૪૦૦૦થી વધુ જવાનો બચાવ કામગીરીમાં સામેલ
- ● સેનાના ૮૫૦૦ જેટલા જવાનો બચાવ કામગીરીમાં સામેલ
- ● શનિવારના દિવસે ૧૦૦૦૦થી પણ વધુ લોકોને બચાવી લેવાયા હતા
- ● સત્તાવાર રીતે મોતનો આંકડો ૭૦૦ ઉપર પહોંચી ચૂક્યો છે પરંતુ છત્તીસગઢના મુખ્યમંત્રી વિજય બહુગુણા કબૂલી ચૂક્યા છે કે મોતનો આંકડો ૧૦૦૦થી ઉપર હોઈ શકે છે
- ● ઉત્તરાખંડમાં હિમાલિયન સુનામીના લીધે સત્તાવાર રીતે ૧૭૫૧ મકાન નાશ પામ્યા છે
- ● ૧૪૭ બ્રીજ અને ૧૩૦૭ માર્ગોને નુકસાન થયું છે
- ● ચાર ધામના રૂટ ઉપર ૪૦૦ કિલોમીટર રોડ નેટવર્કને નુકસાન
- ● ઉત્તરાખંડમાં ૪૦૦૦૦ સ્કેવર કિલોમીટર વિસ્તારને નુકસાન થઈ ચૂક્યું છે
- ● કેદારનાથમાં ૫૦૦ મૃતદેહ મળી આવે તેવી સંભાવના છે
- ● ૨૫ કિલોમીટર લાંબા રૂદ્રપ્રયાગ-તીલવાડા માર્ગને હજુ ચાલુ કરી શકાયો નથી
- ● ઋષીકેશ-ગંગોત્રી નેશનલ હાઈવે હજુ પણ બંધ છે
- ● ૩૫ કિલોમીટર લાંબા ગુપ્તકાશી તિલવાડા ટ્રેકને રૂદ્રપ્રયાગ-કેદારનાથ રૂટ ઉપર ખોલી દેવાયો છે
- ● જોષી મઠ-કરણ પ્રયાગને ખોલી દેવાયો છે
- ● ચમોલી જિલ્લામાં ઋષીકેશ રૂટને ખોલી દેવાયા છે
- ● જોષી મઠ-કરણ પ્રયાગ ટ્રેકને ખોલી દેવાયા છે
- ● બડકોર્ટ-દહેરાદૂનને ટ્રાફીક માટે ખોલી દેવાયો છે

## એસબીઆઈમાં ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ૧૦ હજાર અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂંક કરવાની યોજના

મુંબઈ,તા. ૨૩

ભારતીય સ્ટેટ બેંક (એસબીઆઈ)એ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ૧૦ હજાર અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂંક કરવાની યોજના બનાવી છે. એસબીઆઈના ચેરમેન પ્રતીપ ચૌધરીએ કહ્યું છે કે, અમે આ વર્ષે ૧૦ હજાર લોકોને રોજગારી આપીશું. જેમાં ૧૫૦૦ પ્રોબેશનરી ઓફિસર અને અન્ય અધિકારી રહેશે. આ તમામની પ્રક્રિયા એપ્રિલથી શરૂ કરવામાં આવી ચુકી છે. આશરે ૭૫૦૦ કર્મચારી અને અધિકારી ચાલુ નાણાકીય વર્ષમાં નિવૃત્ત થઈ રહ્યાં છે. તેમણે એમપણ કહ્યું છે કે, અમે અમારી શાખાઓને રિનોવેશનની પ્રક્રિયામાં લાગેલા છીએ. તમામ શાખાઓમાં એસીની વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લાં ત્રિમાસિક ગાળામાં તમામ શાખાઓમાં પૂરતા કર્મચારીઓ ગોઠવવામાં આવ્યા છે. સાથે-સાથે જુદી-જુદી શાખાઓમાં ૨૦ હજાર સહાયકોની ભરતી કરવામાં આવી છે. એસબીઆઈની દેશમાં આશરે ૧૨૦૦ શાખાઓ ખોલવાની યોજના છે. ચાલુ નાણાકીય વર્ષમાં ચીન અને બ્રિટન સહિત વિદેશોમાં આઠ શાખાઓ ખોલવામાં આવશે. જાહેર ક્ષેત્રની બેંકોએ છેલ્લા નાણાકીય વર્ષમાં ૬૩ હજાર લોકોની નિમણુંક કરી હતી. છેલ્લા નાણાકીય વર્ષમાં એસબીઆઈએ ૨૦ હજાર ક્લાર્ક લેવલના કર્મચારી અને ૧૨ હજાર અધિકારીઓની ભરતી કરી હતી.

આ ઉપરાંત બાકીના જાહેર ક્ષેત્રની બેંકોએ ૨૨ હજાર અધિકારીઓ અને ૨૦ હજાર ક્લાર્ક સ્તરના કર્મચારીઓની ભરતી કરી હતી. આવનાર દિવસોમાં બેંકીંગ ક્ષેત્રોમાં રોજગારીની વ્યાપક તકો રહેલી છે. જેથી બેંકીંગ ક્ષેત્રમાં રોજગારી કરવા ઈચ્છુક તમામ લોકો માટે ખૂબ સારા સમાચાર છે. એસબીઆઈ દેશની સૌથી પ્રતિષ્ઠીત બેંકો પૈકીની એક છે. નવી શાખાઓ ખોલવામાં આવ્યા બાદ આ નવી શાખાઓમાં પણ મોટાપાયે કર્મચારીઓને ખસેડવામાં આવશે. આશરે ૭૫૦૦ કર્મચારી અને અધિકારી ચાલુ નાણાકીય વર્ષમાં નિવૃત્ત થવા જઈ રહ્યા છે. કર્મચારીઓની નિવૃત્તી પહેલા ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

## પટણામાં રાજનાથની મુલાકાત ટાણે નીતિશ વિરોધી સૂત્રોચ્ચાર

પટણા,તા. ૨૩

જેડી (યુ) સાથે સંબોધો તોડી નાંખ્યા બાદ પ્રથમવાર બિહાર પહોંચેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ આજે પટણા વીમાની મથકે પહોંચ્યા બાદ સ્ટેટ હેંગર ન ફાળવવાના કારણે નારજ બની ગયેલા ભાજપના કાર્યકર્તાઓએ મુખ્યમંત્રી નીતિશકુમાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.



રાજનાથના સ્વાગત માટે વિમાની મથકે સ્ટેટ હેંગર પરિસર નહીં ઉપલબ્ધ કરાવવાના કારણે નારાજ બની ગયેલા ભાજપના કાર્યકર્તાઓએ "નીતિશકુમાર મુર્દાબાદ" અને "હાય હાય"ના સૂત્રોચ્ચાર કર્યા હતા.

ભાજપના ભૂતપૂર્વ મંત્રી ગિરિરાજસિંહે નીતિશ સરકારના આ વ્યવહારને દુઃખદ ગણાવતાં જણાવ્યું હતું કે કાર્યકર્તા સંમેલન આયોજિત કરવામાટે અગાઉ જ્યારે અમે લોકોએ મિલર સ્કુલ મેદાનની માંગણી કરી ત્યારે સરકાર તરફથી આનાકાની કરવામાં આવી હતી જ્યારે અધિકાર રેલી વખતે ગત વર્ષે જેડી (યુ)એ તેજ મેદાનનો પોતાના કાર્યકર્તાઓના રોકાણ માટે ઉપયોગ કર્યો હતો.

બિહારના શિક્ષણ વિભાગ દ્વારા રાજનાથતના સંમેલન માટે મિલર સ્કુલનું મેદાન ઉપલબ્ધ નહીં કરાવવા બદલ ભાજપ દ્વારા પટણા સ્થિત સંજય ગાંધી સ્ટેડિયમમાં આ કાર્યક્રમ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી.

ગિરિરાજે જણાવ્યું હતું કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષના સ્વાગા માટે પક્ષના કાર્યકર્તાઓની ભીડને ધ્યાનમાં રાખીને પટણા વિમાની મથકે સ્ટેટ હેંગર પરિસરની માંગણી કરવામાં આવી હતી. પરંતુ સરકાર તરફથી એ આપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે બિહારમાં રાજગ શાસન કાળમાં સમય તથા તે અગાઉ તમામ રાજકીય પક્ષોએ સ્ટેટ હેંગરનો ઉપયોગ કર્યો છે. ગિરિરાજે રાજ્ય સરકારના આ વ્યવહારને અયોગ્ય ગણાવતાં જણાવ્યું હતું કે જે સ્વસ્થ રાજકારણની વાત મુખ્યમંત્રી નીતિશકુમાર કરે છે તેઓ તેનાથી વિપરીત છે રાજ્યની પ્રજા બધું જોઈ રહી છે. પ્રજા તેમની પાસેથી દરેક બાબતો હિસાબ માંગશે.

## કલમ-૩૭૦ની નાબુદીની અડવાણીની ફરી રજુઆત

નવી દિલ્હી,તા. ૨૩

ભાજપના નેતા અડવાણીએ આજે બંધારણની કલમ ૩૭૦ને નાબુદ કરવાની વાત કરી હતી અને કહ્યું હતું કે, આનાથી જમ્મુ-કાશ્મીરને સંપૂર્ણપણે ભારત સાથે જોડાઈ જવામાં મદદ મળશે. પક્ષના સ્થાપક શ્યામાપ્રસાદ મુખર્જીની ૬૦મી પુણ્યતિથીના પ્રસંગે તેમના બ્લોગમાં અડવાણીએ કહ્યું છે કે, દેશના લોકો એ વખતની રાહ જોઈ રહ્યા છે જ્યારે કલમ-૩૭૦ નાબુદ થઈ જશે અને બે વિધાન (બંધારણ) એક થઈ જશે. કલમ-૩૭૦માં જમ્મુ-કાશ્મીરને ખાસ બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો છે. તેની નાબુદી ભાજપની મુખ્ય માંગ પૈકીની એક તરીકે રહી છે. પક્ષે સાથી પક્ષોને પ્રભાવિત કરવાના હેતુસર આ મુદ્દાને અભરાઈએ ચઢાવ્યો હતો. હિંદુત્વના એજંડા ઉપર કેટલાક પક્ષોને વાંધો હતો. પોતાના બ્લોગમાં પીઢ નેતાએ એમપણ કહ્યું છે કે, જમ્મુ-કાશ્મીરને સંપૂર્ણપણે ભારત સાથે જોડવા માટે કલમ-૩૭૦ની નાબુદી જરૂર બની ગઈ છે. તત્કાલીન જમ્મુ-કાશ્મીરના નેતા શેખ અબ્દુલ્લાએ રાજ્યમાં પ્રવેશ કરવા ઈચ્છુક બિનરાજ્ય નાગરિકો માટે પરમીટ વ્યવસ્થા રજૂ કરી હતી. અડવાણીએ બ્લોગમાં એમપણ કહ્યું છે કે, બે પ્રતીક હજુ પણ ચાલી રહ્યાં છે. રાષ્ટ્રીય તિરંગો ધ્વજ ટોચના હોદ્દાઓ ઉપર લહેરાવવામાં આવી ચુક્યો છે.

### રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

વગેરે પ્રકારનાં વાકયો અને વિચારોને તમારી નજીક પણ ફરવાક ન દો. એને બદલે વૃદ્ધાજનોએ સતત રટણ રાખવું જોઇએ કે હજુ તો મારી ઉંમર જ શી છે, હજી કાંઇ કામ છોડાય નહિ, અરે હજુ તો હું બધું જ નવી શીખી શકું એમ છું, હજી તો મારામાં અખૂટ તાકાત છે... વગેરે. આ થઇ રચનાત્મક કે વિધેયાત્મક કે હકારાત્મક વિચાર પદ્ધતિ. પેલી નકારાવાળી વિચાર પદ્ધતિને ત્યાગો અને હકારાત્મકતા અપનાવો, પછી જુઓ કે ગમે તેવી પાકટ ઉંમરે પણ તમે ઘણું બધું સિદ્ધ કરી શકશો."

વૃદ્ધાવસ્થામાં ઘણાંની એક ફરિયાદ હોય છે કે અમારી વિચારશક્તિ અને યાદશક્તિ ક્ષીણ થઇ ગઇ છે. વૈજ્ઞાનિક સત્ય એ છે કે જયારે આ શક્તિને કામે લગાડવામાં નથી આવતી ત્યારે એ કટાઇ જાય છે. જો તમે અન્ય જનોનાં, સગાંવહાલાંમાં, જાહેરજીવનમાં અને સમાજમાં સુખ દુઃખમાં સક્રિય રસ જાળવશો તો આ બંને પ્રકારની શક્તિઓ ધારદાર રહેશે. અરે, શરીર ભલે ક્ષીણ થાય, વિચારશક્તિ ક્ષીણ નહી થાય. એવું જોવામં આવ્યું છે કે જે જેઓ જીવન પ્રત્યે હકારાત્મક અને વિધેયાત્મક અભિગમ ધરાવે છે. એમની બુદ્ધિ ગજબની તીવ્રતા જાળવી રાખે છે. ચક્રવર્તી રાજાજી જેવા અનેક વૃદ્ધો આપણે જોયા હશે જે ૯૫ વર્ષની વયે પણ એવી દલીલ શક્તિ અને બુદ્ધિમત્તા ધરાવતા હોય.

સૅમ્યુલ ઉલમાન નામના કવિએ એવા મતલબની કવિતા લખી છે કે યૌવન કોઇ ઉંમરની અવસ્થા નથી, મનની અવસ્થા છે! બસ મન યુવાન હોય તો એંશી વર્ષે પણ યૌવન છે.

સંદર્ભ - ગુજરાત ગાર્ડિયન

## પીએફ પર વ્યાજદર યથાવત્ ૮.૫ ટકા જ રખાય તેવી વકી

નવી દિલ્હી,તા. ૨૩


રિટાયરમેન્ટ ફંડ બોડી એમ્પલોઈસ પ્રોવિડેન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) વર્ષ ૨૦૧૩-૧૪ માટે પ્રોવિડેન્ટ ફંડની થાપણો ઉપર ૮.૫ ટકાનો વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા છે. ઈપીએફઓ વર્ષ ૨૦૧૩-૧૪માં પીએફ ઉપર વ્યાજદર ૮.૫ ટકા યથાવત્ રાખશે તેવી હિલચાલથી કર્મચારીઓમાં ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. વ્યાજદર વધારવાની માંગ પણ કેટલાક સંગઠનો દ્વારા કરવામાં આવી ચૂકી છે. જાણકાર સૂત્રોનું કહેવું છે કે ૨૦૧૨-૧૩માં પણ ૮.૫ ટકાનો વ્યાજદર ચૂકવવામાં આવ્યો હતો. સમગ્ર પરિસ્થિતિ ઉપર નજર રાખી રહેલા સૂત્રોનું કહેવું છે કે પીએફ થાપણો ઉપર વ્યાજદરને વર્તમાન નાણાંકીય વર્ષમાં બદલવામાં આવશે નહીં. વર્ષ ૨૦૧૨-૧૩માં ઈપીએફઓ દ્વારા તેના કર્મચારીઓને ૮.૫ ટકા વ્યાજ ચૂકવવામાં આવ્યું હતું જે ૨૦૧૧-૧૨માં ચૂકવવામાં આવેલા ૮.૨૫ ટકાના વ્યાજદર કરતા ખૂબ વધારે છે. જો કે હવે આમાં વધારો કરવાને લઈને ગૂંચવણભરી સ્થિતિ બનેલી છે. ઈપીએફઓની ઓફિસે વર્તમાન નાણાંકીય વર્ષમાં પીએફ થાપણો ઉપર આપવામાં આવનાર રિટર્નના રેટ અને અંદાજિત આવકનો આંકડો તૈયાર થઈ ચૂક્યો છે. સૂત્રોએ વધુમાં કહ્યું છે કે ઈપીએફઓ એડવાઈઝરી બોડી ફાઈનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કમીટિ (એફઆઈસી) સમક્ષ આ દરખાસ્ત રજૂ કરશે. ત્યારબાદ આના ઉપર વિચારણા કરવામાં આવશે. આ દરખાસ્ત ત્યારબાદ અંતિમ નિર્ણય લેવા માટે શ્રમ પ્રધાનના નેતૃત્વમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી (સીબીટી)ને આપવામાં આવશે. એક વખતે આને મંજૂરી આપી દેવામાં આવ્યા બાદ આ દરખાસ્ત નાણાંમંત્રાલય સમક્ષ રજૂ કરવામાં આવશે. ઈપીએફઓ દ્વારા હાલમાં જ સીબીટીની રચના કરવામાં આવી હતી. આની ફેર રચના કરવામાં આવ્યા બાદ ટ્રસ્ટીની આગામી બેઠકમાં એફઆઈસીની રચના કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ સીબીટીની આગામી મહિનામાં બેઠક મળશે. કારણ કે સેન્ટ્રલ પ્રોવિડંડ ફંડ કમીશનર કે કે જાલને ઈપીએફઓના કારોબારીના વડા તરીકેની જવાબદારી સંભાળી છે. ઈપીએફઓ દ્વારા અપનાવવામાં આવેલી ૨૦૦૮ની રોકાણ પદ્ધતિ મુજબ રાજ્ય અને કેન્દ્રીય સિક્યુરિટીમાં ૫ લાખ કરોડની રકમ રોકી શકાય છે.

### વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપ આજથી શરૂ

## નડાલ, ફેડરર અને જોકોવીક પર નજર

લંડન, તા.૨૩

જેની ટેનિસ ચાહકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે સૌથી મોટી ગ્રાન્ડસ્લેમ સ્પર્ધા વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપ આવતીકાલથી ઓલ ઈગ્લેન્ડ ક્લબ ખાતે શરૂ થઈ રહી છે. એકબાજુ પુરુષોના વર્ગમાં નોવાક જોકોવીક, રાફેલ નડાલ અને રોજર ફેડરર વચ્ચે મુખ્ય સ્પર્ધા જોવા મળશે. આ ઉપરાંત એન્ડી મરે પણ ખૂબ સારો દેખાવ કરવા માટે સજ્જ છે. નડાલને રેન્કીંગમાં ૪થો ક્રમ આપવામાં આવ્યો હોવા છતાં તે ખૂબ જ ધરખમ ફોર્મમાં દેખાઈ રહ્યો છે. હાલમાં જ તે ફ્રેન્ચ ઓપનમાં જોકોવીકને હાર આપીને ચેમ્પિયન્સ બન્યો હતો. ઓલ ઈગ્લેન્ડ ક્લબ ખાતે તે બે વખત ચેમ્પિયન્સ બની ચૂકયો છે. ફેબ્રુઆરીમાં ઈજામાંથી બહાર નીકળીને પરત આવ્યા બાદથી



નડાલ સાત ટાઈટલ જીતી ચૂક્યો છે. બીજી બાજુ રોજર ફેડરર પણ રેકોર્ડ સિદ્ધિ મેળવવા માટે સજ્જ દેખાઈ રહ્યો છે.

જોકોવીક પણ શ્રેષ્ઠ દેખાવ કરવા માટે સજ્જ છે. મહિલાઓના વર્ગમાં સેરેના વિલિયમ્સ ફેવરિટ દેખાઈ રહી છે.

મારિયા શારાપોવા, જેલેના જેનકોવીક તેને પડકાર ફેંકી શકે છે. જો ડ્રો મુજબ ટોચના ખેલાડી જીત મેળવવામાં સફળ રહેશે તો સાત વખતના ચેમ્પિયન રોજર ફેડરર અને બે વખતના વિજેતા રાફેલ નડાલ ક્વાર્ટર ફાઈનલમાં આમને સામને આવી શકે છે. સિઝનની ત્રીજી ગ્રાન્ડસ્લેમ સ્પર્ધા માટે ડ્રોની જાહેરાત કરવામાં આવ્યા બાદથી ટેનિસ ચાહકોમાં ઉત્સુકતા દેખાઈ રહી છે.

વિશ્વના પ્રથમ ક્રમાંકિત ખેલાડી અને ૨૦૧૧માં ચેમ્પિયન નોવાક જોકોવિક માટે ખુબ સારા સમાચાર છે. કારણ કે કોઈપણ ખતરનાક ખેલાડી જોકોવીક સામે ફાઈનલ સુધી સામે આવનાર નથી. ફેડરર અને નડાલ તેમની કેરિયરમાં ૩૦ વખત એક બીજાની સામે આવ્યા છે. જો સીડવાળા ખેલાડી યથાવત રીતે આગળ વધશે તો ક્વાર્ટર ફાઈનલમાં જોકોવીકની સામે બર્ડીક અને ડેવિડ ફેરર આવી

## સમાચાર ઝલક

- ♣ ઇરાન-અફઘાનિસ્તાનમાં બોંબ વિસ્ફોટમાં ૨૪ વ્યક્તિઓનાં મોત.
- ♣ ઉત્તરાખંડમાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી, તંત્ર એલર્ટ.
- ♣ પંજાબના પઠાણકોટમાં ચૂંટયી સંયોજક તરીકે પ્રથમ રેલી સભા સંબોધીત કરતાં મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી.
- ♣ બચાવી લેવાયેલ યાત્રાળુઓની યાદી વેબસાઇટ પર મુકાશે...
- ♣ બારડોલીમાં બ્લેક બોર્ડ લગાવતાં ૧૦ વિદ્યાર્થીઓને કરંટ લાગ્યો, ૧નું મોત.
- ♣ ઉત્તરાખંડમાં ભયાનક જળપ્રચલમાં ફક્ત જૂનું પ્રાચીન મંદિર જ બચ્યું છે...
- ♣ રાજય સરકાર દ્વારા હેલ્પ સેન્ટરો શરૂ, મદદ માટે પુરજોશમાં તૈયારીઓ...
- ♣ હવામાન ખરાબ હોવાથી હવાઇ બચાવકાર્ય સેવાઓ વિલંબમાં પડ્યા.
- ♣ બોલીવુડ તથા અભિમાત બચ્ચન દ્વારા ઉત્તરાખંડનાં પીડીતોને સહાય કરવા નમ્ર અપીલ...
- ♣ શ્રીનગરમાં આતંકવાદી હુમલામાં બે જવાનો શહીદ.
- ♣ બચાવેલ લોકોએ પણ ૧૦ કિલોમીટર ચાલવું પડશે...
- ♣ ચાર ધામમાં રોગચાળો ફાટી નીકળવાનો પુરો ભય, દવા તથા પ્રાથમિક સારવાર ડોકટરોની ખેંચ.
- ♣ પંચમહાલમાં ચાંદીપુરમ વાઇરસથી નાના બાળકનું મોત, આરોગ્યતંત્ર હરકતમાં.
- ♣ સૂરત, ભાવનગરના અનેક યાત્રાળુઓ હજુ સંપર્ક વિહોણા, સગાંવહાલાં ચિંતિત.
- ♣ વૃંદાવનમાં યમુનાના ઘાટો હજુ પાણીમાં ગરકાવ.
- ♣ દંતેવાડામાં નકસલવાદીઓએ વાહનો ફૂંકી માર્યા.
- ♣ ૬ઠ્ઠા વેતનપંચ અંગે કાશ્મીરનાં કર્મચારીઓનાં ઉગ્ર દેખાવો.
- ♣ વિશ્વના અનેક મોટા શહેરોમાં પુરથી તારાજી.